# GPSC Class 1, 2 : Paper 2 (4-06-2017)

**(1)** કયા સંગઠન દ્વારા 'માનવ વિકાસ અહેવાલ' ઘડવામાં અને વિકસાવવામાં આવ્યો છે?

(અ) IMF (બ) UNESCO (ક) **UNDP** (ડ) UNICEF

**(2)** ગુજરાતના અર્થતંત્રમાં કયું ક્ષેત્ર સૌથી વધુ યોગદાન આપે છે?

(અ) પ્રાથમિક (બ) **દ્વિતીય** (ક) તૃતીય (ડ) બધાનો સરખો ફાળો છે

**(3)** સૂચિ - I અને સૂચિ - II સાથે જોડી નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ પસંદ કરો.

| સૂચિ – I (સંમેલન/પ્રોટોકોલ) | સૂચિ - II (વિષયો) |
|---|---|
| A. રામસર સંમેલન | 1. જોખમી રસાયણો અને જંતુનાશકો |
| B. કાર્ટેગેના પ્રોટોકોલ | 2. જૈવ વિવિધતા (Biodiversity) |
| C. નાગોયા પ્રોટોકોલ | 3. જૈવ સુરક્ષા (Biosafety) |
| D. રોટર્ડમ સંમેલન | 4. જલપ્લાવિત જમીનો (Wetlands) |

(અ) A-1, B-3, C-2, D-4 (બ) A-3, B-4, C-2, D-1

(ક) A-2, B-4, C-3, D-1 (ડ) **A-4, B-3, C-2, D-1**

**(4)** નીચેના પૈકી કઈ સંસ્થા નિયમિતપણે ઘરગથ્થુ ફુગાવાની અપેક્ષાઓ (Inflation Expectations Survey of Households)ની મોજણી કરે છે?

(અ) SBI (બ) **RBI** (ક) IMF (ડ) આ પૈકી કોઈ નહિ

**(5)** ભારતમાં ફૂગાવાનું માપ શું છે?

(અ) જથ્થાબંધ ભાવાંક (WPI) (બ) **ગ્રાહક ભાવાંક (CPI)**

(ક) ઉત્પાદક ભાવાંક (PPI) (ડ) ઉપરના પૈકી કોઈ નહિ

**(6)** ત્રીજી પંચવર્ષીય યોજના .......... તરીકે પણ ઓળખાય છે.

(અ) સેન યોજના (બ) **ગાડગીલ યોજના**

(ક) મહેલનોબિસ યોજના (ડ) ઉપરના પૈકી કોઈ નહિ

**(7)** જળ પદચિન્હ નેટવર્ક, જળ પદચિન્હને નીચેનામાંથી શેના હેઠળ વર્ગીકૃત નથી કરતું?

(અ) ભૂરા જળ પદચિન્હ (બ) **કથ્થાઈ જળ પદચિન્હ**

(ક) લીલા જળ પદચિન્હ (ડ) ભૂખરા જળ પદચિન્હ

**(8)** ભારતમાં આર્થિક સર્વેક્ષણ દર વર્ષે સત્તાવાર રીતે કોના દ્વારા પ્રકાશિત કરવામાં આવે છે ?

(અ) રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (બ) **નાણા મંત્રાલય, ભારત સરકાર**

(ક) વાણિજય મંત્રાલય, ભારત સરકાર (ડ) ઉદ્યોગ મંત્રાલય, ભારત સરકાર

**(9)** નીચેના પૈકી કઈ સમિતિએ કર સુધારા અંગે તપાસ કરી અને સૂચન કર્યા હતાં?

(અ) અબિદ હુસેન સમિતિ (બ) ભગવતી સમિતિ

(ક) **રાજા ચેલૈયાય સમિતિ** (ડ) નરસિંહમ્ સમિતિ

**(10)** ભારતમાં સંરક્ષણ ક્ષેત્રમાં .......... જેટલા સીધા વિદેશી મૂડીરોકાણની મંજૂરી આપવામાં આવી છે.

(અ) 26 % (બ) 49 % (ક) 74 % (ડ) **100 %**

**(11)** ભારતની પ્રથમ Payment Bank ......... છે જેણે નવેમ્બર, ૨૦૧૬ માં પોતાની કામગીરી શરૂ કરી હતી.

(અ) **Airtel Payment Bank** (બ) Aditya Birla Idea Payment Bank

(ક) India Post Payment Bank (ડ) PayTM Payment Bank

**(12)** રાષ્ટ્રીય જી.ડી.પી. (2015 - 2016) માં ગુજરાત રાજયનો આશરે .......... % હિસ્સો છે.

(અ) 5.2 (બ) **7.3** (ક) 14.1 (ડ) 12.3

**(13)** સંયુક્ત રાષ્ટ્રના વિકાસ કાર્યક્રમ હેઠળ 2016 ના માનવ વિકાસ અહેવાલની કેન્દ્રીય વિષયવસ્તુ .......... છે.

(અ) **દરેક માટે માનવ વિકાસ** (બ) માનવ વિકાસ માટે કાર્ય કરવું.

(ક) માનવ અધિકારો અને માનવ વિકાસ (ડ) લિંગ અને માનવ વિકાસ

**(14)** ભારતની પ્રથમ પંચવર્ષીય યોજના ......... ના આર્થિક મોડલ ઉપર આધારિત હતી.
(અ) રેનિસ ફાઈ (બ) આર્થર લુઈસ (ક) **આર. એફ. હેરોડ** (ડ) પી. સી. મહાલનોબિસ

**(15)** ભારત સરકાર ન્યૂનત્તમ ટેકાના ભાવની ઘોષણા વર્ષમાં કેટલી વાર કરે છે?
(અ) એક વખત (બ) **બે વખત** (ક) ત્રણ વખત (ડ) ચાર વખત

**(16)** કઈ સમિતિએ કલમ 88 હેઠળ કર વળતરને નાબૂદ કરવાની ભલામણ કરી હતી?
(અ) ચેલેયાહ સમિતિ (બ) **કેલકર સમિતિ** (ક) શોમ સમિતિ (ડ) તેંદુલકર સમિતિ

**(17)** અંદાજપત્રમાં રાજકોષીય ખાદ્ય એટલે?
(અ) મહેસૂલી આવક + સરકારનું ચોખ્ખું ઋણ (બ) **બજેટની ખાદ્ય + સરકારનું ચોખ્ખું ઋણ**
(ક) મૂડી ખાદ્ય + મહેસૂલી ખાદ્ય (ડ) પ્રાથમિક ખાદ્ય – મૂડી ખાદ્ય

**(18)** ભારતીય સ્ટેટ બેંકની રચના કઈ સમિતિની ભલામણ હેઠળ કરવામાં આવી હતી?
(અ) નરસિંહમ્ સમિતિ (બ) વૈદ્યનાથન સમિતિ
(ક) એમ. એલ. દાંતવાલા સમિતિ (ડ) **એ. ડી. ગોરવાલા સમિતિ**

**(19)** કયું રાજ્ય એશિયાનો પ્રથમ ડાંગર ટેકનોલૉજી પાર્ક સ્થાપવાનું આયોજન કરી રહ્યું છે?
(અ) ઓરિસ્સા (બ) **કર્ણાટક** (ક) આંધ્રપ્રદેશ (ડ) તમિલનાડુ

**(20)** એશિયાનું પ્રથમ શેરબજાર .......... છે.
(અ) નેશનલ શેરબજાર (બ) શાંઘાઈ શેરબજાર (ક) **મુંબઈ શેરબજાર** (ડ) ટોકિયો શેરબજાર

**(21)** બીટકોઈન (Bitcoin) ની હિમાયત કોણે કરી હતી?
(અ) ટી. વિલિયમ્સ (બ) **સાતોશી નાકામોટો** (ક) બિલ ગેટ્સ (ડ) મહમ્મદ યુનુસ

**(22)** ભારતમાં 'સ્વચ્છ ભારત ઉપકર'નો દર શું છે?
(અ) 0.25 % (બ) **0.5 %** (ક) 0.75 % (ડ) 0.45 %

**(23)** ભારતીય નિકાસ માટે નીચેના પૈકી કયું સૌથી મોટું બજાર છે?
(અ) OPEC (બ) **OECD** (ક) ચીન (ડ) UAE

**(24)** 2017-18 ના કેન્દ્રીય અંદાજપત્રમાં ઉમેરવામાં આવેલ 'SANKALP' શું છે?
(અ) **Skill Acquisition and Knowledge Awareness for Livelihood Promotion Programme**
(બ) Smart City Land Acquisition Awareness Programme
(ક) Skill Acquisition and Knowledge Awareness Programme for Life
(ડ) Small Scale Knowledge Promotion

**(25)** નીચેના પૈકી કયું ખેત ઉત્પાદનો માટે ન્યૂનત્તમ ટેકાના ભાવની ભલામણ કરે છે?
(અ) કૃષિ મંત્રાલય
(બ) આયોજન પંચ
(ક) **કૃષિની કિંમતો અને ખર્ચ માટેનું આયોગ**
(ડ) રાષ્ટ્રીય કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંક (NABARD)

**(26)** Micro, Small Medium Enterprises Development Act, 2006 (MSME Development Act, 2006) મુજબ સૂક્ષ્મ ઉત્પાદન એકમોના વર્ગીકરણ માટે મૂડીરોકાણની મર્યાદા કેટલી છે?
(અ) **રૂા. 25 લાખ** (બ) રૂા. 10 લાખ (ક) રૂા. 2 કરોડ (ડ) રૂા. 5 કરોડ

**(27)** દુનિયાના કેટલાક પસંદ કરેલા દેશો માટે UNDP ના માનવ વિકાસ અહેવાલ, 2010 માંથી સંકલિત ગણતરી કરી બહાર પાડવામાં આવેલ માનવ વિકાસ આંકમાં ભારતને કઈ શ્રેણીમાં મુકવામાં આવ્યો છે?
(અ) નીચો માનવ વિકાસ (બ) **મધ્યમ માનવ વિકાસ**
(ક) ઊંચો માનવ વિકાસ (ડ) ખૂબ ઊંચો માનવ વિકાસ

**(28)** રતન વટલ સમિતિ શેના માટે નીમવામાં આવી હતી?
(અ) ERBM એક્ટની સમીક્ષા માટે
(બ) વિમુદ્રીકરણની અસરોનો અભ્યાસ કરવા માટે

(ક) **<u>ડિજિટલ ચૂકવણીઓ માટે</u>**
(ડ) ચૂકવણી બેંકો (પેમેન્ટ બેંક્સ) ને લાઈસન્સ આપવા માટે

**(29)** 2011 ની વસ્તી ગણતરી પ્રમાણે નીચેના પૈકી કયા કેન્દ્રશાસિત પ્રદેશમાં સાક્ષરતા દર સૌથી ઊંચો હતો?
(અ) ચંદીગઢ (બ) દમણ અને દીવ (ક) પુડુચેરી (ડ) **<u>લક્ષદ્વીપ</u>**

**(30)** નીચેના પૈકી કઈ સંસ્થાએ 'Grand Innovation Challenge' આરંભી?
(અ) પ્રધાનમંત્રીય કાર્યાલય (PMO) (બ) વિજ્ઞાન અને ટેકનોલૉજી પ્રોદ્યોગિકી મંત્રાલય
(ક) **<u>NITI આયોગ</u>** (ડ) વાણિજ્ય મંત્રાલય

**(31)** ભારતના ક્યા રાજ્યમાં માનવ વિકાસ આંક ઊંચો છે પરંતુ આવક નીચી છે?
(અ) પંજાબ (બ) રાજસ્થાન (ક) **<u>કેરળ</u>** (ડ) ગુજરાત

**(32)** બારમી પંચવર્ષીય યોજનાના અંત સુધીમાં માથાદીઠ ગરીબી .......... જેટલી ઘટાડવાનો ઉદ્દેશ હતો.
(અ) 5% (બ) **<u>10%</u>** (ક) 15% (ડ) 20%

**(33)** RBI ની તાજેતરની માર્ગદર્શિકા પ્રમાણે સગીર માટે બેંક ખાતું ખોલાવવા માટે?
(અ) 10 વર્ષથી ઉપરની ઉંમરવાળા સગીર માતા-પિતા વાલી તરીકે રાખીને જ બેંક ખાતું ખોલાવી શકે
(બ) 10 વર્ષથી ઉપરના સગીરને એક પુખ્ત વ્યક્તિ ખોલાવી શકે તેવાં બધા જ પ્રકારના બેંક ખાતા ખોલાવવાની પરવાનગી છે
(ક) **<u>10 વર્ષથી ઉપરની ઉંમરવાળા સગીર માત્ર ચાલુ ખાતા સિવાયના બીજા બધા જ પ્રકારના બેંક ખાતા ખોલાવવાની પરવાનગી છે</u>**
(ડ) ઉપરના પૈકી એકપણ નહિ

**(34)** ખરીફ પાકની લણણી ક્યારે થાય છે?
(અ) જૂન - જુલાઈ (બ) **<u>ઓક્ટોબર - નવેમ્બર</u>** (ક) મે - જૂન (ડ) માર્ચ - એપ્રિલ

**(35)** 2011 ની વસ્તી ગણતરી મુજબ નીચેના પૈકી કયા રાજ્યમાં 1991-2001 ની સરખામણીમાં 2001-2011 ના દસકાના વસ્તી વધારાનો દર સૌથી વધુ ઘટ્યો છે?
(અ) ઉત્તરપ્રદેશ (બ) **<u>મહારાષ્ટ્ર</u>** (ક) બિહાર (ડ) આંધ્રપ્રદેશ

**(36)** સંયુક્ત રાષ્ટ્રવિકાસ કાર્યક્રમ (UNDP) લિંગ વિકાસ સૂચક નીચેના પૈકી ત્રણ પરિમાણોમાં સ્ત્રીઓ અને પુરુષો વચ્ચેની અસમાનતાઓ ધ્યાને લઈ માનવ વિકાસ સિદ્ધિઓમાં લિંગ-અસંગતતા માપે છે?
(અ) **<u>આરોગ્ય, જ્ઞાન અને જીવનધોરણો</u>** (બ) ગરીબી, બેરોજગારી અને આરોગ્ય
(ક) અસમાનતા, આવક અને ખર્ચ (ડ) આરોગ્ય, જ્ઞાન અને અસમાનતા

**(37)** ભારતમાં ગરીબી રેખા અંદાજવા માટે સમયાંતરે નિદર્શ સર્વેક્ષણ કોણ હાથ ધરે છે?
(અ) રાષ્ટ્રીય સર્વેક્ષણ સંસ્થાન (NGO) (બ) **<u>રાષ્ટ્રીય નિદર્શ સર્વેક્ષણ કાર્યાલય (NSSO)</u>**
(ક) નિદર્શ સર્વેક્ષણ સંસ્થાન (ડ) ઉપર પૈકી એકપણ નહિ

**(38)** ગુજરાતમાં કઈ સંસ્થા રાજ્યમાં મૂડીરોકાણ પ્રોત્સાહન એજન્સી તરીકે કામ કરે છે?
(અ) IMFIG (ઈન્ડિયા મિશન ફેસિલિટેશન ઈનિશિએટિવ - ગુજરાત)
(બ) GIDC (ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન)
(ક) GIIC (ગુજરાત ઈન્ડટ્રિયલ ઈન્વેસ્ટમેન્ટ કોર્પોરેશન)
(ડ) **<u>INDEXT b (ઈન્ડસ્ટ્રિયલ એક્સ્ટેન્શન બ્યુરો)</u>**

**(39)** નીચે આપેલ યાદીમાંથી RBI દ્વારા હાલમાં નિયંત્રિત થતી વિત્તીય સંસ્થા સંસ્થાઓ પસંદ કરો.
(અ) EXIM બેંક (એક્સપોર્ટ ઈમ્પોર્ટ બેંક)
(બ) NHB (નેશનલ હાઉસિંગ બેંક)
(ક) NABARD (નેશનલ બેંક ફોર એગ્રિકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ)
(ડ) **<u>ઉપરના તમામ</u>**

**(40)** ભારત કોની સાથે સંયુક્ત રીતે 'મેઈક ઈન ઈન્ડિયા' હેઠળ કામોવ 226 (Kamov 226) હેલિકોપ્ટરનું ઉત્પાદન કરશે?
(અ) ફ્રાન્સ (બ) **<u>રશિયા</u>** (ક) યુ.એસ.એ. (ડ) ઈઝરાયેલ

**(41)** નવું દાખલ કરાયેલ 'સુગમ' આવકવેરાનું રિટર્ન કોના માટે છે?
(અ) નોકરિયાત વર્ગ માટે (બ) વરિષ્ઠ નાગરિકો માટે
(ક) વેરા ભરનાર સ્ત્રીઓ માટે (ડ) **નાના ધંધાર્થીઓ માટે**

**(42)** કૃષિ પેદાશની છૂટક અને જથ્થાબંધ કિંમત ઉપર 'ફ્યુચર ટ્રેડિંગ'ની અસર અંગેની કામગીરી સાથે કઈ સમિતિ સંકળાયેલી છે?
(અ) તેંદુલકર સમિતિ (બ) **અભિજીત સેન સમિતિ**
(ક) રાકેશ મોહન સમિતિ (ડ) વાય. કે. અલઘ સમિતિ

**(43)** વિષુવવૃત્ત પર ક્ષોભ આવરણની આશરે સરાસરી ઊંચાઈ કેટલી છે?
(અ) 5 કિ.મી. (બ) **16 કિ.મી.** (ક) 20 કિ.મી. (ડ) 50 કિ.મી.ની

**(44)** વિશ્વનાં મોટા ભાગનાં ગરમ રણ કયા અક્ષાંશ વચ્ચે આવેલાં છે?
(અ) 0º - 5º (બ) 5º - 15º (ક) **15º - 30º** (ડ) 30º – 50º

**(45)** 'ગુટેનબર્ગ ડિસકન્ટીન્યુટી' કોની વચ્ચે જોવા મળે છે?
(અ) પોપડા (Crust) અને મેન્ટલ (Mantle)
(બ) **મેન્ટલ (Mantle) અને ભૂગર્ભ (Core)**
(ક) ઉપરનું મેન્ટલ (Upper Mantle) અને નીચેનું મેન્ટલ (Lower Mantle)
(ડ) બાહ્ય ભૂગર્ભ (Outer Core) અને આંતરિક ભૂગર્ભ (Inner Core)

**(46)** ભૂમધ્ય પ્રકારની આબોહવાની લાક્ષણિકતા શું છે?
(અ) સમગ્ર વર્ષ દરમિયાન વરસાદ (બ) **ભીનો શિયાળો અને શુષ્ક ઉનાળો**
(ક) ઉનાળા દરમિયાન મહત્તમ વરસાદ (ડ) સમગ્ર વર્ષ દરમિયાન અપૂરતો વરસાદ

**(47)** ગુજરાતના કાઠિયાવાડ વિસ્તારમાં નીચેના પૈકી કયા પ્રકારના જળપરિવાહ (Drainage) જોવા મળે છે?
(અ) આયાતકાર (બ) વૃક્ષાકાર (ક) જાળીઆકાર (ડ) **ત્રિજ્યા**

**(48)** નીચેના પૈકી કયું/કયાં વિધાન આતાકામાના રણ બાતે સાચું/સાચાં છે?
(1) તે મોંગોલિયામાં આવેલું છે.
(2) તે વિશ્વનું સૌથી સૂકું બિન-ધ્રુવીય રણ છે.
(3) તેને પેસેફિક કાંઠે જમીનની પટ્ટી છે.
(અ) ફક્ત 1 (બ) ફક્ત 1 અને 2 (ક) **ફક્ત 2 અને 3** (ડ) ફક્ત 3

**(49)** ભારતમાં નીચેના પૈકી કયું ભરતી ઊર્જાના ઉત્પાદન ક્ષેત્રે ક્ષમતા ધરાવે છે?
(અ) મન્નારનો અખાત (બ) **ખંભાતનો અખાત** (ક) કચ્છનો અખાત (ડ) ચિલ્કા સરોવર

**(50)** 2011 ની વસ્તી ગણતરી અનુસાર નીચેના પૈકી કયું રાજય અનુસૂચિત જનજાતિની સૌથી નીચી ટકાવારી ધરાવે છે?
(અ) મિઝોરમ (બ) **મણિપુર** (ક) નાગાલેન્ડ (ડ) અરૂણાચલ પ્રદેશ

**(51)** 2011 ની વસ્તી ગણતરી મુજબ નીચેના પૈકી કયો સાક્ષરતા દરમાં ઘટતો જતો સાચો ક્રમ છે?
(અ) **કેરળ - મિઝોરમ - ત્રિપુરા - ગોવા** (બ) કેરળ - ગોવા - ત્રિપુરા - મિઝોરમ
(ક) મિઝોરમ - કેરળ - ગોવા - ત્રિપુરા (ડ) ગોવા - કેરળ - મિઝોરમ - ત્રિપુરા

**(52)** સૂચિ - I અને સૂચિ - II સાથે જોડી નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ પસંદ કરો.

| **સૂચિ - I (નદીઓ)** | **સૂચિ - II (ઉપનદીઓ)** |
|---|---|
| A. ક્રિષ્ણા | 1. ચંબલ |
| B. બ્રહ્મપુત્રા | 2. ઈન્દ્રાવતી |
| C. ગોદાવરી | 3. લોહિત |
| D. યમુના | 4. તુંગભદ્રા |

(અ) **A-4, B-3, C-2, D-1** (બ) A-3, B-4, C-2, D-1
(ક) A-2, B-4, C-3, D-1 (ડ) A-4, B-3, C-1, D-2

**(53)** નીચેના પૈકી કઈ નદી ભારત અને નેપાળ વચ્ચે આંતરરાષ્ટ્રીય સીમા બનાવે છે?
(અ) ગંડક (બ) કોસી (ક) **શારદા** (ડ) તીસ્તા

**(54)** જયાં તાપમાન મહત્તમ ઘટીને આશરે – 90° થાય છે તેવા વાતાવરણના આવરણને શું કહે છે?
(અ) સમતાપ આવરણ (બ) **મધ્યાવરણ** (ક) ક્ષોભસીમા (ડ) ક્ષોભ આવરણ

**(55)** વાતાગ્રના સંપર્ક ઝોનનો ભાગ, કે જ્યાં ઠંડો વાયુસમુચ્ચાય ગરમ વાયુ સમુચ્ચાયની જગ્યા લે છે, તેને શું કહે છે?
(અ) **ઠંડો વાતાગ્ર** (બ) ઑકલુડેડ વાતાગ્ર (ક) ગરમ વાતાગ્ર (ડ) સ્થિર વાતાગ્ર

**(56)** લેટરાઈટનો ઘેરો લાલ રંગ કોની હાજરીને લીધે હોય છે?
(અ) એલ્યુમિનિયમ સંયોજનો (બ) **આઈરન ઓક્સાઈડ**
(ક) જસત સંયોજનો (ડ) કોપર ઓક્સાઈડ

**(57)** હોરમૂઝની સમુદ્રધુની કોની વચ્ચે આવેલી છે?
(અ) રાતો સમુદ્ર અને ભૂમધ્ય સમુદ્ર (બ) અરબી સમુદ્ર અને રાતો સમુદ્ર
(ક) **પર્શિયાનો અખાત અને ઓમાનનો અખાત** (ડ) જાવા અને સુમાત્રા

**(58)** નીચેના વિધાનો પૈકી સાચાં વિધાનો પસંદ કરો.
(1) નર્મદા ફાટખીણમાં વહે છે.
(2) પશ્ચિમમાં વહેતી નદીઓ પૈકી નર્મદા સૌથી લાંબી છે.
(3) તવા જળાશય નર્મદા પર નિર્માણ કરવામાં આવ્યું છે.
(4) નર્મદા પહોળું નદીમુખ બનાવે છે.
(અ) ફક્ત 1 અને 3 (બ) ફક્ત 2 અને 4 (ક) ફક્ત 2, 3 અને 4 (ડ) **ફક્ત 1,2 અને 4**

**(59)** નીચેના પૈકીનો કયો સ્ટીલ પ્લાન્ટ બાબા બૂદનની ટેકરીઓમાંથી લોહઅયસ્ક (Iron Ore) મેળવે છે?
(અ) વિશાખાપટનમ્ (બ) રાઉરકેલ્લા (ક) **ભદ્રાવતી** (ડ) ભીલાઈ

**(60)** 2011 ની વસ્તી ગણતરી અનુસાર ભારતમાં નીચેના પૈકી કયું રાજ્ય સૌથી વધુ શહેરીકરણ ધરાવે છે?
(અ) ગુજરાત (બ) કેરળ (ક) **તમિલનાડુ** (ડ) મહારાષ્ટ્ર

**(61)** ભૂમિજન્ય નિક્ષેપો મુખ્યત્વે ક્યાં જોવા મળે છે?
(અ) **ખંડીય છાજલીઓ અને ઢાળ** (બ) ઊંડા સાગરતળ
(ક) સમુદ્રખાઈ (ડ) સમુદ્રની પર્વતમાળાઓ અને ટેકરા

**(62)** મોહસસ્કેલ (Moh's Scale) નો ઉપયોગ શું નક્કી કરવા માટે થાય છે?
(અ) પદાર્થની તેજસ્વીતા (બ) પ્રવાહીની સ્નિગ્ધતા
(ક) **ખનીજોની કઠિનતા** (ડ) ખનીજની સ્થિતિસ્થાપકતા

**(63)** નીચેના પૈકી કયો ગરમ સમુદ્ર પ્રવાહ છે?
(અ) કેનરી (બ) **અખાતી પ્રવાહ** (ક) લાબ્રાડોર (ડ) કુરિલ

**(64)** નીચે જણાવેલ નદીઓને સૌથી લાંબીથી સૌથી ટૂંકીના ક્રમમાં ગોઠવો.
(અ) મહાનદી - નર્મદા - યમુના - કાવેરી (બ) નર્મદા - મહાનદી - કાવેરી - યમુના
(ક) **યમુના - નર્મદા - મહાનદી - કાવેરી** (ડ) નર્મદા - યમુના - કાવેરી - મહાનદી

**(65)** મહાબળેશ્વરમાં થતો વરસાદ (600 સે.મી. વરસાદ) અને પૂનામાં થતો વરસાદ (70 સે.મી. વરસાદ) કયા પ્રકારના વરસાદનાં બે ઉદાહરણો છે?
(અ) વંટોળનો વરસાદ (બ) **ભૂપૃષ્ઠ/ઊંચાઈનો વરસાદ**
(ક) ઉષ્ણતાનયનનો વરસાદ (ડ) વાતાગ્રનો વરસાદ

**(66)** નીચે જણાવેલ વાયુઓને તેમની વાતાવરણમાં ટકાવારીના ઘટતા જતા ક્રમમાં ગોઠવો.
(1) ઓક્સિજન (2) નાઈટ્રોજન (3) કાર્બન ડાયોક્સાઈડ (4) આર્ગન
(અ) 1, 2, 3 અને 4 (બ) **2, 1, 4 અને 3** (ક) 3, 4, 2 અને 1 (ડ) 2, 1, 3 અને 4

**(67)** મધ્યાહન સમયે, જહાજ ઉપર, ક્રોનોમીટર એ જ દિવસના 7 : 00 AM GMT સમય દર્શાવે છે, જહાજનું રેખાંશ સ્થાન શું છે?
(અ) 75° પશ્ચિમ રેખાંશ (બ) 150° પૂર્વ રેખાંશ
(ક) **75° પૂર્વ રેખાંશ** (ડ) 150° પશ્ચિમ રેખાંશ

**(68)** સૂચિ - I અને સૂચિ - II સાથે જોડી નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ પસંદ કરો.

| **સૂચિ - I (સામુદ્રિક હલનચલન)** | **સૂચિ -II (બળ કારણ)** |
|---|---|
| A. પ્રવાહ | 1. ઘનતા |
| B. જળજથ્થો | 2. ગુરૂત્વાકર્ષણ |
| C. મોજા | 3. તાપમાન |
| D. ભરતી-ઓટ | 4. પવન |

(અ) A-4, B-3, C-2, D-1 (બ) **A-3. B-1, C-4, D-2**
(ક) A-2, B-4, C-3, D-1 (ડ) A-4, B-3, C-1, D-2

**(69)** નીચેના પૈકી કઈ જોડી યોગ્ય રીતે જોડાયેલી નથી?
(અ) નીલ ક્રાંતિ (Blue Revolution) - માછલી અને દરિયાઈ ખોરાક
(બ) સપ્તરંગી ક્રાંતિ (Rainbow Revolution) - કૃષિ અને બાગાયત
(ક) શ્વેત ક્રાંતિ (White Revolution) - દૂધ અને દૂધની બનાવટો
(ડ) **પીળી ક્રાંતિ (Yellow Revolution) - ફળ અને ફૂલ**

**(70)** કર્કવૃત્ત અને મકરવૃત્ત ઉપર સૂર્યની સ્પષ્ટ સ્થિતિ શેનું પરિણામ છે?
(અ) પરિભ્રમણ (બ) કક્ષાભ્રમણ
(ક) પૃથ્વીનું અક્ષીય નમન (ડ) **અક્ષીય નમન પરનું કક્ષાભ્રમણ**

**(71)** પૃથ્વીના ભૂગર્ભમાં અત્યંત ગરમી હોવા છતાં તેનો કેન્દ્રીય ભાગ ઘન સ્વરૂપે કેવી રીતે રહી શકે છે?
(અ) **કેન્દ્રીય ભાગ ઉપર બેહદ દબાણ હોવાથી તેનું ઉત્કલન બિંદુ ઊંચું છે**
(બ) કેન્દ્રીય ભાગ ઉપર ઓછું દબાણ હોવાથી તેનું ઉત્કલન બિંદુ ઊંચું છે
(ક) કેન્દ્રીય ભાગ ઉપર બેહદ દબાણ હોવાથી તેનું ઉત્કલન બિંદુ નીચું છે
(ડ) કેન્દ્રીય ભાગ ઉપર ઓછું દબાણ હોવાથી તેનું ઉત્કલન બિંદુ નીચું છે

**(72)** ભારતીય અવાજ પ્રદૂષણ નિયમન અને નિયંત્રણ નિયમો, 2000 (Indian Noise Pollution Regulation and Control Rules, 2000) પ્રમાણે Leq levels રહેણાંક વિસ્તારમાં રાત્રિ સમયે .......... થી વધવું ન જોઈએ.
(અ) 40 dB (અ) (બ) **45 dB (અ)** (ક) 50 dB (અ) (ડ) 55 dB (અ)

**(73)** ગુજરાતમાંથી દેશના અન્ય ભાગમાં જતી લાંબામાં લાંબી અંતરની ટ્રેન કઈ છે?
(અ) અમદાવાદ - હાવરા (બ) નવજીવન (ક) **ઓખા - રામેશ્વરમ્** (ડ) તાપ્તી - ગંગા

**(74)** સૂચિ - I અને સૂચિ - II સાથે જોડી નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ પસંદ કરો.

| **સૂચિ - I (જનજાતિ)** | **સૂચિ - II (દેશ)** |
|---|---|
| A. સીમાંગ | 1. ન્યૂઝીલેન્ડ |
| B. યુરોબા | 2. બ્રાઝિલ |
| C. બોરા | 3. મલેશિયા |
| D. માઓરી | 4. નાઈજીરીયા |

(અ) A-4, B-3, C-2, D-1 (બ) A-3. B-1, C-4, D-2
(ક) A-2, B-4, C-3, D-1 (ડ) **A-3, B-4, C-2, D-1**

**(75)** નીચેના પૈકી કયો આદિવાસી સમુદાય મધ્ય ભારતીય ટેકરીઓ અને જંગલોમાં વસતા નથી?
(અ) **ગુજ્જર** (બ) ભીલ (ક) સાંથલ (ડ) ગોન્ડ

**(76)** પૃથ્વીની સમગ્રપણે સરાસરી ઘનતા કેટલી છે?
(અ) 2.7 ગ્રામ સે.મી.$^3$ (બ) 3.0 ગ્રામ સે.મી.$^3$ (ક) **5.5 ગ્રામ/સે.મી.$^3$** (ડ) 16.0 ગ્રામ/સે.મી.$^3$

**(77)** સમુદ્રમાં નીચેના પૈકી કયો ક્ષાર મહત્તમ હોય છે?
(અ) **મેગ્નેશિયમ ક્લોરાઈડ** (બ) મેગ્નેશિયમ સલ્ફટ
(ક) કેલ્શિયમ સલ્ફટ (ડ) પોટેશિયમ સલ્ફટ

**(78)** પેનાઈન્સ (યુરોપ), અપલાશિયન (અમેરિકા) અને અરવલ્લી (ભારત) ......... નાં ઉદાહરણ છે.
(અ) ખંડ પર્વતો (Block Mountains) (બ) જૂનાં પર્વતો (Old Mountains)
(ક) નવાં પર્વતો (Young Mountains) (ડ) **ગેડ પર્વતો (Fold Mountains)**

LATEST

આટલું તો વાંચવું જ પડે...

# માસ્ટર GK



**એક બુક બધી પરીક્ષાઓ**

**10500+ પ્રશ્નોનો સંગ્રહ**

**કોઇ પણ સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી**

UPSC, GPSC, PI, PSI, ASI, હિસાબી અધિકારી, રાજ્ય વેરા નિરીક્ષક, Dy. SO/મામલતદાર, ફોરેસ્ટ ગાર્ડ/ઓફિસર, મોટર વાહન નિરીક્ષક, કોન્સ્ટેબલ, તલાટી, બિન-સચિવાલય/હાઇકોર્ટ ક્લર્ક, TAT, TET, HTAT, Railway

Crack GPSC easily with...
crackgpsc.com

સ્પેશ્યલ થેન્ક્સ

શ્રી એમ. કે. પ્રજાપતિ
(ડે. કલેક્ટર)

**(79)** નીચેના પૈકી કઈ નદીને મહત્તમ કેચમેન્ટ વિસ્તાર (Catchment area) છે?
(અ) નર્મદા (બ) તાપી (ક) મહાનદી (ડ) **ગોદાવરી**

**(80)** નીચેના પૈકી રાજ્યોનો કયો સમૂહ કઠોળના ઉત્પાદન માટે પ્રખ્યાત છે?
(અ) આસામ, પશ્ચિમ બંગાળ અને સિક્કિમ
(બ) **મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાન**
(ક) કેરળ, કર્ણાટક અને આંધ્રપ્રદેશ
(ડ) હરિયાણા, ઝારખંડ અને હિમાચલ પ્રદેશ

**(81)** નીચેના પૈકી કયા ખડકનું અગ્નિ દ્વારા નિર્માણ થતું નથી?
(અ) કોલસો (Coal)
(બ) **માટીના ખડક (Shale)**
(ક) ચૂનો (Limestone)
(ડ) ચોક (Chalk)

**(82)** કાંપની જમીન શેના દ્વારા બને છે?
(અ) જવાળામુખી
(બ) ખવાણ
(ક) **વહેતા પાણી દ્વારા નિક્ષેપણ**
(ડ) વનસ્પતિ અને પ્રાણીઓ

**(83)** પરિવર્તન ખેતી/વાવેતર પરિવર્તન (Slash and burn agriculture) કયા રાજ્યમાં નોંધપાત્ર છે?
(અ) હિમાચલ પ્રદેશ (બ) કર્ણાટક (ક) **મિઝોરમ** (ડ) ઝારખંડ

**(84)** નીચેના પૈકી કયા સ્થળે, સૂર્યોદય સૌથી વહેલો થશે?
(અ) રાજકોટ (બ) સુરત (ક) રતલામ (ડ) **સોલાપુર**

**(85)** લંબવૃત્ત (Prime Meridian) અને શૂન્ય ડીગ્રી અક્ષાંશનો છેદનબિંદુ (આંતરછેદ બિંદુ) ક્યાં આવેલું છે?
(અ) **એટલાન્ટિક મહાસાગર**
(બ) હિંદી મહાસાગર
(ક) પેસિફિક મહાસાગર
(ડ) ઉપરના પૈકી કોઈ નહિ

**(86)** અધોગામી અને ઊર્ધ્વગામી સ્તંભ શું છે?
(અ) કાર્સ્ટ વિસ્તારમાં ઘસારાત્મક ભૂમિ આકારો
(બ) **કાર્સ્ટ વિસ્તારમાં નિક્ષેપાત્મક ભૂમિ આકારો**
(ક) કાર્સ્ટ વિસ્તારમાં સ્થળાંતરિક ભૂમિ આકારો
(ડ) ઉપરના પૈકી કોઈ નહિ

**(87)** નીચેના પૈકી કયા પ્રદેશમાં જંગલ વિસ્તારની સૌથી વધુ ટકાવારી છે?
(અ) **દ્વીપકલ્પીય ઉચ્ચપ્રદેશ** (બ) પશ્ચિમ ઘાટ (ક) પૂર્વ ઘાટ (ડ) હિમાચલ પ્રદેશ

**(88)** નીચેના જિલ્લાઓને જંગલ વિસ્તારના વિતરણના સંદર્ભમાં ઘટતા જતા ક્રમમાં દર્શાવતો સાચો વિકલ્પ પસંદ કરો.
(અ) **કચ્છ, જૂનાગઢ, નર્મદા, ડાંગ**
(બ) ડાંગ, નર્મદા, જૂનાગઢ, કચ્છ
(ક) નર્મદા, ડાંગ, કચ્છ, જૂનાગઢ
(ડ) જૂનાગઢ, ડાંગ, નર્મદા, કચ્છ

**(89)** ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ (ICAR) દ્વારા ભારતીય જમીનને કેટલી શ્રેણીઓમાં વર્ગીકૃત કરવામાં આવી છે?
(અ) 6 (બ) 7 (ક) **8** (ડ) 9

**(90)** ભારતમાં નીચેના પૈકી કયા રાજ્યને સૌથી પહોળી ખંડીય છાજલી છે?
(અ) પશ્ચિમ બંગાળ (બ) **ગુજરાત** (ક) મહારાષ્ટ્ર (ડ) કર્ણાટક

**(91)** કયા તાપમાનવાળા સામુદ્રિક જળમાં જીવંત પરવાળાનો ખરાબો (Croal reefs) થાય છે?
(અ) 0° - 5° C (બ) 5° - 10° C (ક) 10° - 20° C (ડ) **20° - 30° C**

**(92)** ભારતના તમામ વ્યુહાત્મક દળના સંચાલન અને વહીવટ કઈ સંસ્થાના કમાન્ડર-ઈન-ચીફને સોંપવામાં આવ્યું છે?
(અ) ભારતીય હવાઈ દળ
(બ) ભારતીય નૌસેના
(ક) ભારતીય સેના
(ડ) **વ્યુહાત્મક દળ કમાન્ડ**

**(93)** ભારતમાં વપરાશ માટે પરમાણુ શસ્ત્રો છોડવાની સત્તા કોની પાસે છે?
(અ) ભારતના રાષ્ટ્રપતિ અથવા નિયુક્ત અનુગામી અનુગામીઓ
(બ) **ભારતના વડાપ્રધાન અથવા નિયુક્ત અનુગામી / અનુગામીઓ**
(ક) સ્ટેટિજીક ફોર્સ કમાન્ડના કમાન્ડર-ઈન-ચીફ અથવા નિયુક્ત અનુગામી/અનુગામીઓ
(ડ) આર્મી સ્ટાફના વડા અથવા નિયુક્ત અનુગામી અનુગામીઓ

**(94)** તમિલનાડુમાં કૂડનકુલમ પરમાણુ ઊર્જા પ્લાન્ટ .......... સાથેના સહયોગથી બંધાયેલો છે.
(અ) **ROSATOM** (બ) વેસ્ટીંગ હાઉસ (ક) તોશિબા (ડ) અરેવા

**(95)** સ્થાનિક અને બહુપક્ષીય માળખામાં નિઃશસ્ત્રીકરણ, બિન-પ્રસાર બાબતો, આત્મવિશ્વાસ અને સુરક્ષા નિર્માણના ઉપાયોને લગતી બાબતો વિદેશી બાબતોના મંત્રાલયના (મિનિસ્ટ્રી ઓફ ઓસ્ટર્નલ અફેર્સ - MEA) કયા વિભાગને લગતું છે?

(અ) **D & ISA વિભાગ** (બ) E & SA વિભાગ (ક) XPD વિભાગ (ડ) UNP વિભાગ

**(96)** પરમાણુ શસ્ત્રોની બિન-પ્રસાર સંધિ (NPT) અનુસાર પરમાણુ સશસ્ત્ર રાજય એ હોય કે જેણે .......... પરમાણુ શસ્ત્રનું અથવા અન્ય પરમાણુ વિસ્ફોટક સાધનનું નિર્માણ અને વિસ્ફોટ કર્યો હોય.

(અ) 1 જાન્યુઆરી, 1963 પહેલાં (બ) **1 જાન્યુઆરી, 1967 પહેલાં**

(ક) 1 જાન્યુઆરી, 1995 પહેલાં (ડ) 1 જાન્યુઆરી, 1998 પહેલાં

**(97)** 'કેપ્ચા (Captcha) .......... માટે વપરાય છે.

(અ) પાસવર્ડ એન્ક્રિપ્ટીંગ (બ) સ્ટેગ્નોગ્રાફી

(ક) **બોટ્સની ચકાસણી માટે** (ડ) છબીઓ લેવા

**(98)** ઈલેક્ટ્રોનિક વોલેટ (ઈ-વોલેટ્સ) .......... દર્શાવે છે.

(અ) સેમિ કન્ડક્ટર સામગ્રીમાંથી બનાવેલ વોલેટ (બ) ડિઝિટલ લોક જડેલા વોલેટ

(ક) સ્માર્ટ ક્રેડિટ ડેબિટ કાર્ડ મુકવા માટેના વોલેટ (ડ) **સુરક્ષિત ઈ-ચૂકવણીઓ માટેની પદ્ધતિ**

**(99)** ભારતની નેશનલ ડિજિટલ લાઈબ્રેરીના સંદર્ભે નીચેના પૈકી કયું/ક્યાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(અ) આઈઆઈટી, ખડગપુર દ્વારા વિકસાવાયેલ સિંગલ વિન્ડો શોધ સગવડ સાથે શીખવાના સ્ત્રોતોની વર્ચ્યુઅલ રિપોઝીટરી

(બ) કોઈપણ ભાષાની સામગ્રી રાખવા રચાયેલ છે અને હિન્દી તેમજ બંગાળી જેવી સ્થાનિક ભાષાઓને ઈન્ટરફેસ ટેકો પૂરો પાડે છે.

(ક) તમામ શૈક્ષણિક સ્તરોને આધાર પૂરો પાડવા માટે ગોઠવવામાં આવેલ છે.

(ડ) **ઉપરના તમામ**

**(100)** ડિજિટલ સિગ્નેચર .......... છે.

(અ) સ્કેન કરેલ સિગ્નેચરને સ્ટોર કરેલી ફાઈલ છે

(બ) મોબાઈલ સાધનો મારફતે વ્યવહારો માટે આપવામાં આવેલો QR કોડ છે

(ક) યુનિફાઇડ ચૂકવણા ઈન્ટરફેસમાં વપરાતું વર્ચ્યુઅલ પેમેન્ટ એડ્રેસ છે

(ડ) **બિન-રદિયાને આધાર આપતી ક્રાઈપ્ટોગ્રાફિક પદ્ધતિ છે**

**(101)** સ્માર્ટ ફોન માટે વપરાતો શબ્દ 'NFC'નો સંદર્ભ શું છે?

(અ) નેટવર્ક ફોરવર્ડિંગ કંટ્રોલ (બ) **નિયર ફિલ્ડ કોમ્યુનિકેશન**

(ક) નેટવર્ક ફિડબેક કંટ્રોલ (ડ) નેગેટીવ ફીડબેક કોમ્યુનિકેશન

**(102)** જોડકાં જોડો.

| | |
|---|---|
| 1. PKI | A. Cyber-physical attack |
| 2. Bitcoin | B. Hash |
| 3. Stuxnet | C. Cryptocurrency |
| 4. Data Integrity | D. Asymmetric Keys |

(અ) A-1, B-3, C-2, D-4 (બ) A-3, B-4, C-2, D-1

(ક) **1-D, 2-C, 3-A, 4-B** (ડ) A-4, B-3, C-1, D-2

**(103)** ભારત સરકારની પહેલ 'મેઘરાજ' .......... છે.

(અ) કૃષિ ડેટા એનાલિટિક્સ સોફ્ટવેર

(બ) **સામાન્ય ધોરણોના સમૂહને અનુસરતું વિતરિત ક્લાઉડ કમ્પ્યુટિંગ એન્વાયરમેન્ટનો સમૂહ**

(ક) ઈ-ગવર્નન્સના અમલીકરણ માટેના સિદ્ધાંતોનો સમૂહ

(ડ) દેશભરમાં હવામાન આગાહી અને વરસાદ આગાહી માટેનું સમર્પિત સુપર કમ્પ્યુટર

**(104)** ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (EVM) માં, VVPAT કોનો ટૂંકાક્ષર છે?

(અ) Voter Verifiable Paper Audit Trail

(બ) Verification of Voting People And Technology

(ક) Volume Voting without Paper And Trail
(ડ) Very Verifiable People Added with Technology

**(105)** જોડકાં જોડો.

| | |
|---|---|
| 1. Payment Gateway | A. Digital Literacy |
| 2. PMGDISHA | B. e-Kranti |
| 3. Digital Signature Certificate | C. e-Commerce |
| 4. Electronic delivery of services | D. e-Mudra |

(અ) A-1, B-3, C-2, D-4 (બ) A-3, B-4, C-2, D-1
(ક) 1-D, 2-C, 3-A, 4-B (ડ) **1-C, 2-A, 3-D, 4-B**

**(106)** કૃષિ ક્ષેત્રે નીચેના પૈકી કયું નૈતિક ચિંતા બની શકે છે?
(અ) ટર્મિનેટર બીજનો ઉપયોગ
(બ) ટ્રાન્સજેનિક પાકને કારણે થતી એલર્જિક પ્રતિક્રિયાઓ
(ક) સુપર નીંદણ બનાવવું
(ડ) **વનસ્પતિમાં પ્રાણીજનીનો નાખવા**

**(107)** 'ખાદ્ય રસી'માં શું હોય છે?
(અ) મૃત સૂક્ષ્મ સજીવો
(બ) સંકીર્ણ કરેલાં સૂક્ષ્મ જીવો
(ક) **રોગકારક જનીનોથી વંચિત એન્ટિજેનિક પ્રોટીનસ**
(ડ) પેથોજેન્સના એન્ટિજેન્સ સામે એન્ટિબોડિઝ

**(108)** નીચેના પૈકી કયો સંયુક્ત રાષ્ટ્રનો જૈવવિવિધતા નો દસકો (UN - Decade on Biodiversity) છે?
(અ) **2011 - 2020** (બ) 2016 - 2025 (ક) 2014 - 2024 (ડ) 2005 – 2014

**(109)** જૈવ વિવિધતા 'હોટસ્પોટ' એટલે શું?
(અ) **પ્લાન્ટ એનિમેઝમનું અસાધારણ સ્તરે અને નિવાસસ્થાન નુકસાનનું ગંભીર સ્તરે - એમ બંને લાક્ષણિકતાઓવાળો બાયોજીઓગ્રાફિક ક્ષેત્ર**
(બ) ઊંચા તાપમાન સાથેના પ્રમાણમાં નાનો જંગલ વિસ્તાર
(ક) વનસ્પતિ અને પ્રાણી સૃષ્ટિની ઓછી પ્રજાતિઓવાળો જવાળામુખી વિસ્તાર
(ડ) ઉપરના પૈકી કોઈ નહિ

**(110)** ભારતના બંધારણમાં કયો અનુચ્છેદ દેશના પર્યાવરણનું જતન અને સુધારણા કરવાની અને જંગલો અને વન્યજીવનના રક્ષણ કરવાની બાબતનો છે?
(અ) અનુચ્છેદ 47 A (બ) **અનુચ્છેદ 48 A** (ક) અનુચ્છેદ 49 A (ડ) અનુચ્છેદ 50 A

**(111)** 'બ્લ્યુ બેબી સિન્ડ્રોમ' કયા તત્વો દ્વારા પાણીના દૂષણથી થાય છે?
(અ) ફોસ્ફટ્સ (બ) સલ્ફર (ક) આર્સેનિક (ડ) **નાઈટ્રેટ**

**(112)** GARV, UDAY અને TARANG ભારત સરકારના કયા મંત્રાલયની પહેલ છે?
(અ) સુરક્ષા મંત્રાલય (બ) સૂચના પ્રાદ્યોગિકી મંત્રાલય
(ક) **ઊર્જા મંત્રાલય** (ડ) કૃષિ અને કલ્યાણ મંત્રાલય

**(113)** ક્લાઉડ કમ્યુટિંગ એન્વાયરમેન્ટ સ્થાપવા માટે C-DAC એ એક વ્યાપક નિઃશુલ્ક અને ઓપન સોર્સ સ્યુટ વિકસાવ્યો છે. જેનું નામ .......... છે.
(અ) મેઘરાજ (બ) **મેઘદૂત** (ક) બરખા (ડ) બાદલ

**(114)** .......... રોકવા ડબલ ફોર્ટિફાઈડ મીઠું વપરાય છે.
(અ) **ગોઈટર અને આયર્નની ઉણપનો એનિમિયા** (બ) ગોઈટર અને રિકેટ્સ
(ક) સ્કર્વી અને રિકેટ્સ (ડ) એનિમિયા અને સ્કર્વી

**(115)** Googol શું છે?
(અ) સર્ચ એન્જિન (બ) એક જાતનો ગુંદર (ક) **દસની સો ઘાત** (ડ) ઉષ્ણકટીબંધીય છોડ

**(116)** 'ભૂરસિંહ, ધ બારહસિંગા' કોનું સત્તાવાર મેસકોટ છે?

(અ) જિમ કોરબેટ રાષ્ટ્રીય ઉદ્યાન (બ) **કાન્હા ટાઈગર રિઝર્વ**

(ક) કાઝીરંગા રાષ્ટ્રીય ઉદ્યાન (ડ) દૂધવા ટાઈવર રિઝર્વ

**(117)** વિજ્ઞાનની લોકપ્રિયતા માટે કયો પુરસ્કાર આપવામાં આવે છે?

(અ) આગાખાન એવોર્ડ (બ) એબેલ એવોર્ડ

(ક) મેન બુકર પ્રાઇઝ (ડ) **યુનેસ્કો કલિંગા એવોર્ડ**

**(118)** ઈન્સ્ટિટ્યૂટ ઓફ નેનો સાયન્સ એન્ડ ટેકનોલૉજી ક્યાં આવેલી છે?

(અ) નવી દિલ્હી (બ) **મોહાલી** (ક) કોચીન (ડ) મુંબઈ

**(119)** NIHONIUM, MOSCOVIUM, TENNESSINE અને OGANESSON .......... છે.

(અ) સૂર્યની પ્રદક્ષિણા કરતા નવા ગ્રહો (બ) નવી વનસ્પતિ પ્રજાતિઓ

(ક) ભૂસ્તરશાસ્ત્રીય બનાવો (ડ) **આવર્તકોષ્ટકમાં નવાં તત્વો**

**(120)** પૃથ્વી અને પર્યાવરણ (ખાસ કરીને સજીવ અને નિર્જીવ દ્રવ્ય) વચ્ચે તત્વોનું પરિભ્રમણ કરતા કુદરતી ચક્રને .......... કહે છે.

(અ) **ભૂજૈવરાસાયણિક ચક્ર** (બ) રાસાયણિક ચક્ર

(ક) જૈવિક ચક્ર (ડ) બાયો ઓર્ગેનિક ચક્ર

**(121)** ઓસ્ટીઓમલાસીયા (Osteomalacia) રોગ કયા વિટામિનની ઉણપથી થાય છે?

(અ) વિટામિન B 12 (બ) **વિટામિન D** (ક) વિટામિન E (ડ) વિટામિન C

**(122)** કયો રોગ શાહી રોગ (Royal Disease) તરીકે જાણીતો છે?

(અ) સિકલ સેલ એનેમિયા (બ) અલ્ઝાઈમર (ક) **હીમોફીલિયા** (ડ) રંગ અંધત્વ

**(123)** પેલોડ વજન અનુસાર ઈસરો (ISRO) પાસે ભારે લોન્ચ ક્ષમતા ધરાવતું રોકેટ લોન્ચર કયું છે?

(અ) PSLV (બ) GSLV (ક) ASLV (ડ) **GSLV Mark III**

**(124)** GLONASS કોનું અવકાશી ભૌગોલિક સંશોધક નક્ષત્ર તંત્ર (Space Brone Navigation Constellatic System) છે?

(અ) **રશિયા** (બ) યુરોપ (ક) ચીન (ડ) ફ્રાન્સ

**(125)** ભારતની પ્રથમ Multi-Wavelength Space Observatroy કઈ હતી?

(અ) માર્સ ઓરબીટર મિશન (MOM) (બ) ચંદ્રયાન - 1

(ક) **એસ્ટ્રોસેટ (ASTROSAT)** (ડ) આદિત્ય - L1

**(126)** મેઘા-ટ્રોપિક્સ (Megha-Tropiques) એ કયા બે દેશ વચ્ચેનો સહયોગી સેટેલાઈટ પ્રોજેક્ટ છે?

(અ) ભારત અને યુ.એસ.એ. (બ) ભારત અને રશિયા

(ક) ભારત અને જાપાન (ડ) **ભારત અને ફ્રાન્સ**

**(127)** ઊર્જા મંત્રાલય પ્રમાણે કોઈ ગામનું વીજળીકરણ થયેલું છે એમ ત્યારે કહી શકાય કે જ્યારે ગામના કુલ રહેઠાણોના .......... રહેઠાણોનું વીજળીકરણ થયેલું હોય.

(અ) 30% (બ) 25% (ક) 20% (ડ) **10%**

**(128)** પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના (PMUY) કયા કાર્યને યોગદાન આપવા માટે છે?

(અ) **ગ્રામીણ વિસ્તારમાં ગરીબ સ્ત્રીઓને LPG જોડાણ પુરા પાડવા**

(બ) ગ્રામીણ રહેઠાણોનું વીજળીકરણ

(ક) LED બલ્બનું વિતરણ

(ડ) ઉપરના તમામ

**(129)** નીતિ આયોગ અનુસાર, ભારતમાં રહેણાંક અને વાણિજ્ય ક્ષેત્રો દ્વારા કુલ વીજળીના કેટલા ટકા વીજળીનો ઉપભોગ કરવામાં આવે છે?

(અ) **29%** (બ) 26% (ક) 24% (ડ) 22%

**(130)** ભારતમાં પ્રથમ CNG ટ્રેન ક્યાં બે સ્ટેશન વચ્ચે દોડે છે?

(અ) <u>**રેવારી - રોહતક**</u> (બ) પૂના - મુંબઈ
(ક) દિલ્હી - સોનપત (ડ) ચેન્નાઈ - મદુરાઈ

**(131)** કેન્દ્રીય મૃદા લવણતા સંશોધન સંસ્થાન (Central Soil Salinity Research Institute) નું ગુજરાતમાં પ્રાદેશિક કેન્દ્ર ક્યાં આવેલું છે?

(અ) ભાવનગર (બ) <u>**ભરૂચ**</u> (ક) વેરાવળ (ડ) મુંદ્રા

**(132)** ભારતનો પ્રથમ સમર્પિત સંરક્ષણ ઉપગ્રહ કયો છે?

(અ) <u>**GSAT-7**</u> (બ) GSAT – 9 (ક) MSAT – 1 (ડ) CARTOSAT

**(133)** DRDO દ્વારા વિકસાવેલ ક્યા પ્રકારના વિમાનને 'નિશાંત' નામ આપવામાં આવ્યું છે?

(અ) Light Combat Aircraft (LCA) (બ) <u>**Unmanned Aerial Vehicle (UAV)**</u>
(ક) Light Combat Helocopter (LCH) (ડ) Surface to Air Missile (SAM)

**(134)** નેશનલ એક્શન પ્લાન ઓન ક્લાઈમેટ ચેન્જના દસ્તાવેજ અનુસાર ભારતમાં રાષ્ટ્રીય સ્તરે હવાના સરાસરી સપાટી તાપમાનમાં ......... વધારો થયો છે.

(અ) <u>**છેલ્લી સદીમાં 0.4° C**</u> (બ) છેલ્લા પાંચ દાયકામાં 0.4° C
(ક) છેલ્લા પાંચ દાયકામાં 0.8° C (ડ) છેલ્લી સદીમાં 0.8° C

**(135)** ભારતના કયા વૈજ્ઞાનિકે હળદરની યુ.એસ. પેટન્ટ વિરુદ્ધ સફળ ઝુંબેશ હાથ ધરી?

(અ) <u>**ડૉ. આર. બી. માશેલકર**</u> (બ) ડૉ. કે. કસ્તુરીરંગન
(ક) ડૉ. બી. કે. ગાઈરોલાં (ડ) ડૉ. દેવી પ્રસાદ શેટ્ટી

**(136)** કયા રોગ માટે AYUSH દ્વારા પ્રમાણિત અને CSIR દ્વારા BGR - 24 હર્બલ ફોરમ્યુલેશન વિકસાવેલ છે?

(અ) <u>**ડાયાબિટીસ**</u> (બ) કોરોનરી ડિસીઝ (ક) આર્થ્રરાઈટીઝ (ડ) એનિમિયા

**(137)** વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ કયા કાર્યક્રમ હેઠળ શારીરિક અને માનસિક આરોગ્ય તેમજ સ્વસ્થ લોકો અને વિકારવાળા દર્દીઓમાં જ્ઞાનાત્મક કામગીરી ઉપર યોગ અને ધ્યાનની અસરો ઉપર વૈજ્ઞાનિક સંશોધન હાથ ધરશે?

(અ) <u>**SATYAM**</u> (બ) VYAYAM
(ક) PRANAYAM (ડ) ઉપરના પૈકી કોઈ નહિ

**(138)** કેપ્લરના ગ્રહોની ગતિના નિયમો પ્રમાણે, જ્યારે ઉપગ્રહને પૃથ્વીની વધુ નજીક લાવવામાં આવે છે, ત્યારે તેની ઝડપ?

(અ) વધે છે (બ) ઘટે છે (ક) સરખી રહે છે (ડ) અંદાજી ન શકાય

**(139)** વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી ક્ષેત્રનો શાંતિસ્વરૂપ ભટનાગર એવોર્ડ કઈ સંસ્થા તરફથી આપવામાં આવે છે?

(અ) <u>**Council fro Scientific and Industrial Research**</u>
(બ) Indian Institute of Science
(ક) University Grants Commission
(ડ) Defence Research and Development Organization

**(140)** ભારતની વિશિષ્ટ હવામાન ઉપગ્રહોની (Exclusive Meteroological Satellites) શ્રેણીમાં પહેલો ઉપગ્રહ કયો છે?

(અ) INSAT-2 (બ) GSAT-18 (ક) GSAT-10 (ડ) <u>**KALPANA-1**</u>

**(141)** ગુજરાત સરકારની ATMA (Agriculture Technology) યોજનાના નીચેના પૈકી કયો/કયા હેતુ/હેતુઓ છે?

(1) વ્યાપ આધરિત વિસ્તરણ પહોંચાડવું (Broad Based extension delivery)
(2) જાતિ પ્રાથમિકતા/અગ્રીમતા (Gender Concerns)
(3) મલ્ટી એજન્સી વિસ્તરણ પ્રવૃત્તિઓ (Multi Agency Extension Activities)
(4) તળિયાથી આયોજન (Bottom up Planning)

(અ) ફક્ત 2 (બ) ફક્ત 1 અને 2 (ક) ફક્ત 1, 2 અને 3 (ડ) <u>**1, 2, 3 અને 4**</u>

**(142)** ગુજરાત સરકાર દ્વારા 'મમતા અભિયાન'નો નીચેના પૈકી કયો ઘટક નથી?

(અ) મમતા મુલાકાત (બ) મમતા નોંધ (ક) મમતા સંદર્ભમા (ડ) મમતા કલ્યાણ

Crack GPSC

**(143)** ગુજરાતમાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ માટે અનુક્રમે કેટલા વિધાનસભા મતવિસ્તારો અનામત રાખવામાં આવ્યા છે?

(અ) **13 અને 27** (બ) 13 અને 28 (ક) 14 અને 25 (ડ) 15 અને 26

**(144)** વડાપ્રધાને મરાઠા રાણી અહલ્યાબાઈ હોલ્કરના જીવન પર આધારિત પુસ્તક 'માતોશ્રી'નું વિમોચન કર્યું હતું. આ પુસ્તકના લેખક કોણ હતા?

(અ) અનિતા દેસાઈ (બ) **સુમિત્રા મહાજન** (ક) સ્મૃતિ ઈરાની (ડ) જયા બચ્ચન

**(145)** ભારતના કયા પ્રથમ રાજ્યએ ઇન્ટરનેટ ઉપલબ્ધિને (Access to Internet) મૂળભૂત માનવ હક્ક તરીકે જાહેર કર્યો છે?

(અ) પંજાબ (બ) તમિલનાડુ (ક) **કેરળ** (ડ) આંધ્રપ્રદેશ

**(146)** જમ્મુ અને કાશ્મીરના કયા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર સૌથી લાંબી ચેનાની-નાશરી રોડ ટનલ (પટનીટોપ ટનલ)નું નિર્માણ કરવામાં આવ્યું છે?

(અ) **NH 44** (બ) NH 45 (ક) NH 46 (ડ) NH 47

**(147)** ભારતમાલા પ્રોજેક્ટ શું છે?

(અ) ફ્લોરિકલ્ચર ડેવલપમેન્ટ મિશન

(બ) **પ્રવર્તમાન હાઈવે પ્રોજેક્ટની જગ્યાએ રસ્તાઓ માટે એક છત્ર પ્રોજેક્ટ**

(ક) નદીઓને જોડતો કાર્યક્રમ

(ડ) ઉપરના પૈકી કોઈ નહી

**(148)** ભારત સરકાર દ્વારા શરૂ કરવામાં આવનાર સંપદા (SAMPADA) યોજના કઈ બાબત અંગેની છે?

(અ) ખાણકામ (બ) **ફુડ પ્રોસેસિંગ** (ક) ગૃહ નિર્માણ (ડ) શિક્ષણ

**(149)** ભારતીય નૌસેનાના લાંબી સીમાના દરિયાઈ પેટ્રોલ વિમાન .......... ને નિવૃત્ત કરી (deesommissioned) દેવામાં આવ્યું છે અને તેને .......... રાજ્યના મુખ્યમંત્રીને સોંપી દેવામાં આવ્યું છે?

(અ) **TU 142M- આંધ્રપ્રદેશ** (બ) TU 142M - ઓરિસ્સા

(ક) MU 142T - તેલંગાણા (ડ) MU 142T - ગુજરાત

**(150)** રક્ષા અનુસંધાન અને વિકાસ સંગઠને (DRDO) SWATI - સ્વાતિ નામની પ્રણાલી વિકસાવી છે. આ બાબતે નીચેના પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(1) તે બેલેસ્ટિક રક્ષા સંચાલન પ્રણાલી છે.

(2) તે શસ્ત્ર શોધ રડાર પ્રણાલી છે.

(3) તે સ્વદેશી રીતે વિકસાવેલી પ્રણાલી છે.

(4) તે સેનાને સુપ્રત કરવામાં આવી છે.

(અ) ફક્ત 1, 3 અને 4 (બ) ફક્ત 1 અને 4 (ક) **ફક્ત 2, 3 અને 4** (ડ) ફક્ત 2 અને 4

**(151)** હાલમાં પરમાણુ પુરવઠો આપનાર જૂથના (Nuclear Suppliers Group) માં કેટલા દેશ સભ્ય છે?

(અ) 32 (બ) 44 (ક) 20 (ડ) **48**

**(152)** નીચેના પૈકી કયું એરલાઈન્સ કંપનીઓનું સંયુક્ત સાહસ યોગ્ય રીતે જોડાયેલું નથી?

(અ) સિંગાપુર એરલાઈન્સ - ટાટા સન્સ (બ) ઇતિહાદ - જેટ એરવેઝ

(ક) **એર એશિયા - ઇન્ડિગો** (ડ) એર એશિયા - ટાટા સન્સ

**(153)** મ્યાનમારનું કયું રાજ્ય રોહિંગ્યા મુસ્લિમોનું વતન સ્થળ ગણાય છે?

(અ) કાચીન વાર (બ) કાયિન (ક) કાયાહ (ડ) **રાખિન**

**(154)** નીચેના પૈકી કયો દેશ BIMSTEC નો સભ્ય નથી?

(અ) થાઈલેન્ડ (બ) **મલેશિયા** (ક) શ્રીલંકા (ડ) ભૂતાન

**(155)** નીચેના પૈકી કઈ બાબત ભારત સરકાર દ્વારા પ્રસ્તુત ડિજિશાલા (DIGISHALA) ચેનલ બાબતે સાચી નથી?

(અ) તે ઇલેક્ટ્રોનિક્સ અને ઇન્ફર્મેશન ટેકનોલોજી મંત્રાલય દ્વારા મુકવામાં આવ્યું છે.

(બ) તે ડિજિટલ વ્યહારોને આગળ ધપાવવા માટેનું એક વધુ પગલું છે.

(ક) **તે વિશ્વવિદ્યાલયો માટે 24 કલાક ઓનલાઈન વર્ગ પુરા પાડે છે.**

(ડ) આ ચેનલનું સંચાલન દૂરદર્શન દ્વારા થશે.

**(156)** ટીપા દીઠ વધુ પાક (Per Drop Mroe Crop) એ કોનો ચાવીરૂપ ધ્યેય છે?
(અ) MNREGA હેઠળનું લાંબાગાળાનું સિંચાઈ ફંડ (બ) **NABARD હેઠળનું લાંબાગાળાનું સિંચાઈ ફંડ**
(ક) NABARD હેઠળનું લાંબાગાળાનું સિંચાઈ ફંડ (ડ) ઉપરના પૈકી કોઈ નહી.

**(157)** 2016 ના કિગાલી સુધારા અનુસાર, સદીના અંત સુધીમાં વિશ્વ .......... સુધી વૈશ્વિક ગરમાવો (Global warming) ટાળી શકે છે.
(અ) **0.5° C** (બ) 0.25° C (ક) 1° C (ડ) 2° C

**(158)** ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક - સિટી (GIFT - City), ગાંધીનગર ખાતે માનદ્ વાણિજ્ય દૂતાવાસ (Consulate Office) ખોલનાર પ્રથમ દેશ કયો છે?
(અ) તાંઝાનિયા (બ) ચીન (ક) **બેલ્જિયમ** (ડ) યુ.એસ.એ.

**(159)** 5 વર્ષમાં ઊભું કરવાનું થતું યાત્રીઓની સલામતી માટેનું સમર્પિત રેલવે સલામતી ફંડનું શું નામ આપવામાં આવ્યું છે?
(અ) રેલ સલામતી રિઝર્વ ફંડ (બ) રેલવે અકસ્માત શમન ફંડ
(ક) રેલ સુરક્ષા અર્થ કોશ (ડ) **રાષ્ટ્રીય રેલ સંરક્ષા કોશ**

**(160)** બ્રાઝિલનો એમેઝોન તટપ્રદેશ કયા જંગલનો સૌથી વિશાળ ફેલાવો છે?
(અ) **ઉષ્ણકટિબંધીય જંગલો** (બ) સમશીતોષ્ણ જંગલો
(ક) ચોમાસુ જંગલો (ડ) શંકુદ્રુમ જંગલો

**(161)** વૈશ્વિક કાર્બન ઉત્સર્જનની દેખરેખ રાખવા માટે ચીન દ્વારા એક ઉપગ્રહ મૂકવામાં આવ્યો. આ ઉપગ્રહનું નામ .......... છે.
(અ) **Tan Sat** (બ) Con Sat
(ક) CC Sat (ડ) ઉપરના પૈકી કોઈ નહિ

**(162)** કઈ બે ભારતીય નદીઓને જીવંત વ્યક્તિ તરીકે જાહેર કરવામાં આવી છે?
(અ) ગંગા - સરસ્વતી (બ) **ગંગા - યમુના** (ક) ક્રિષ્ના - ગોદાવરી (ડ) નર્મદા - તાપી

**(163)** આર.બી.આઈ. દ્વારા મીના હેમચંદ્ર સમિતિની રચના ....... માટે કરવામાં આવી છે.
(અ) વિમુદ્રિકરણ (Demonetization) (બ) **સાયબર સુરક્ષા (Cyber Security)**
(ક) લોન માફીનીતિ (Loan Waiver Policy) (ડ) ઉપરના પૈકી કોઈ નહી

**(164)** સૂચિત નવી શૈક્ષણિક નીતિ માટેની ટી.એસ.આર. સુબ્રમણિયમ્ સમિતિએ ભલામણ કરી છે કે શિક્ષણ ઉપરનો ખર્ચ GDP ના ઓછામાં ઓછું .......... વધારવો જોઈએ.
(અ) 5 % (બ) **6 %** (ક) 7 % (ડ) 8 %

**(165)** નેશનલ એક્શન પ્લાન ઓન ક્લાઈમેટ ચેન્જ (NAPCC) હેઠળના નેશનલ મિશન ફોર ગ્રીન ઇન્ડિયા હેઠળ ભારતનો તેના જંગલ વિસ્તારમાં .......... મિલિયન હેક્ટરનો વધારો કરવાનો ધ્યેય છે.
(અ) 2 (બ) 3 (ક) 4 (ડ) **5**

**(166)** ભારતીય મત્સ્ય અને જળચર ઉછેર ક્ષેત્ર અનુક્રમે GDP ના .......... અને કૃષિ GDP ના .......... પ્રદાન કરે છે.
(અ) 6.5 %, 11.5 % (બ) 3.5 , 7.15 % (ક) 2.4 %, 6.5 % (ડ) **1.1%, 5.15%**

**(167)** નીચેના પૈકીનું કયું વિધાન કેન્દ્રના જાહેર ક્ષેત્રના એકમને મહાનરત્ન તરીકેની ગણના માટેની યોગ્યતા દર્શાવે છે?
(અ) **છેલ્લાં 3 વર્ષ દરમિયાન રૂ. 5,000 કરોડથી વધુનો કર પછીનો સરાસરી વાર્ષિક ચોખ્ખો નફો**
(બ) છેલ્લાં 3 વર્ષ દરમિયાન રૂ. 10,000 કરોડથી વધુનો કર પછીનો સરાસરી વાર્ષિક ચોખ્ખો નફો
(ક) છેલ્લાં 5 વર્ષ દરમિયાન રૂ. 5,000 કરોડથી વધુનો કર પછીનો સરાસરી વાર્ષિક ચોખ્ખો નફો
(ડ) છેલ્લાં 5 વર્ષ દરમિયાન રૂ. 10,000 કરોડથી વધુનો કર પછીનો સરાસરી વાર્ષિક ચોખ્ખો નફો

**(168)** વાસ્તવિક નિયંત્રણ રેખા બાબતે નીચેના પૈકી કયુ/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(1) એ ભારત અને પાકિસ્તાન દ્વારા નિયંત્રિત કાશ્મીરના ભાગો વચ્ચેની લશ્કરી નિયંત્રણ રેખા છે.
(2) એ જમ્મુ અને કાશ્મિરના ભારતીય વિસ્તારોને અક્સાઈ ચીનથી અલગ પાડતી લશ્કરી સીમા છે.
(3) એ આશરે 776 કિ.મી. લાંબી છે.
(4) તે સ્પષ્ટપણે લશ્કરો દ્વારા સીમાંકિત થયેલ છે.
(અ) ફક્ત 1 (બ) **ફક્ત 2** (ક) ફક્ત 1, 3 અને 4 (ડ) ફક્ત 2 અને 3

12 પાસ, ગ્રેજ્યુએટ

# સરકારી નોકરી માટેની તૈયારી કરવા હવે બહાર ક્યાંય જવાની જરૂર નથી...

## અમદાવાદ, ગાંધીનગરની શ્રેષ્ઠ ફેકલ્ટીઝ આપના મોબાઈલમાં

લાખો વિદ્યાર્થીઓએ વખાણી
**Quality** એટલે
**Crack GPSC**

## ઘરે બેઠાં તૈયારી કરો, મોબાઈલ કે ટેબ્લેટ પરથી

કલાસમાં જ ભણતા હોય તેવો અનુભવ




YouTube /Crack GPSC

આ એપ ડાઉનલોડ કરી
ફ્રી ડેમો વિડિયો જુઓ,
આપને ખરેખર લાગશે કે
કોઈ ક્લાસ કરવાની જરૂર જ નથી.

## એક એપ, બધી પરીક્ષાઓ

UPSC, GPSC Class 1/2, PI, STI, PSI, ગુજ. શિક્ષણ સેવા, હિસાબી અધિકારી, Dy. SO, ડે. મામલતદાર, તલાટી, બિનસચિવાલય કલર્ક, ફોરેસ્ટ ગાર્ડ/ઓફિસર, કોન્સ્ટેબલ, મોટર વાહન નિરીક્ષક, TAT, TET, HTAT, Railway

ગૃહિણીઓ, ક્લાસ જોઈન ન કરી શકતા, સ્કૂલ-કોલેજના અભ્યાસ સાથે તૈયારી કરવા માગતા, અંતરિયાળ વિસ્તારમાં રહેતા, મોંઘી ફી ન ભરી શકતા, મેટ્રો સિટીમાં રહેવાનો ખર્ચ ન કરી શકતા, અપડાઉન કરતાં કરતાં તૈયારી કરવા માગતા, રિવિઝન કરવા માગતા વિદ્યાર્થીઓ માટે ખાસ.

## કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી આટલી સરળ ક્યારેય નહોતી...

## ડાઉનલોડ કરો Crack GPSC એપ અને તૈયારી કરો ગમે ત્યારે, ગમે ત્યાંથી

76000 51070